જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૨/૨૦૧૭ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૦૫ લીટર દેશી દારૂ, ૧૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૮૩ બીયરટીન અને ૦૧ ટેમ્પો કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૩૮૮/૧૭

**બાપુનગર** : કિરીટભાઈ પુનમભાઈ પટેલ (ઉ.વ.૫૬)(રહે,ગોપાલનગર સોસાયટી, શાશ્ત્રીનગર પાસે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૨/૧૭ સાંજના ૬/૦૦ થી તા.૨૩/૨/૧૭ ના કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન બાપુનગર નેશનલ હાઈવે શ્રી ઓમ સોસાયટીની બાજુમાં આવેલ રંજન હાઈસ્કુલના દરવાજાનું લોક તોડી, અજાણી વ્યક્તિ શાળામાં પ્રવેશ કરી, સંચાલકની ઓફીસમાંથી પ્રાથમીક શાળાની ફી ના રૂપિયા આશરે ૧૦,૦૦૦/- તથા ઓફીસમાં ગોઠવેલ શાળાના CCTV કેમેરાના બે DVR કુલ કિંમત રૂપિયા આશરે ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.ચૌધરી ચલાવે છે.

**ઇસનપુર** : ભરતભાઈ સુનીલભાઈ પટેલ (રહે.રાજેશ્વરી કોલોની, સિદ્ધેશ્વર મહાદેવના મંદિર પાસે કેનાલ રોડ મણીનગર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૨/૧૭ સાંજના ૬/૩૦ થી તા.૨૩/૨/૧૭ ના કલાક ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાનાં ઘરના દરવાજાનું લોક તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના તથા રોકડ રૂપીયા મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૯/૧૭</u>**

**સોલા હાઇકોર્ટ** : લક્ષ્મીબહેન સુરેશભાઇ ભરવાડ (ઉ.વ.૩૦)(રહે, ભમરીયાના છાપરામાં, મલ્હાર કોમ્પ્લેક્ષ ની બાજુમા, સોલા રોડ) તા.૨૩/૨/૧૭ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે સત્તાધાર ચાર રસ્તા પાસે વન ટેન રેસ્ટોરેંટની આગળ રોડ પરથી ચાલતાં પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો લક્ષ્મીબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લક્ષ્મીબહેન ભરવાડે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેધાણી ચલાવે છે.

**ઓઢવ** : અંગદસીંગ ગોવિંદસીંગ ક્ષત્રીય (ઉ.વ.૫૮)(રહે,ગણેશનગર ગીતાગૌરી સિનેમાની પાછળ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૨/૧૭ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ ગીતા-ગૌરી સિનેમા પાસે સર્વિસ રોડ ઉપરથી પત્ની સાથે એક્ટિવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) અંગદસીંગની પત્ની પુનમબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૭,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશસિહ જગરૂપસિહ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૯૦/૧૭</u>**

**નવરંગપુરા** : શીલ્પાબહેન વા/ઓ અનીલકુમાર સોની (ઉ.વ.૪૭)(રહે.કલરવ સોસાયટી, ઇડર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાછળ, જવાનપુરા તા.ઇડર જી.સાબરકાંઠા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૨/૧૭ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે નવરંગપુરા, સી.જી.રોડ રેમન્ડ શો રૂમ પાસે બે અજાણ્યા ઇસમો (૨૫ વર્ષના આશરાનાં) ભેગામળી શીલ્પાબહેન પાસે આવી કહેલ કે “તમારા પૈસા નીચે પડી ગયેલ છે” જેથી શીલ્પાબહેન ગાડીમાંથી નીચે ઉતરી રોડ ઉપર જોવા જતા રૂપીયા ૧૦ ની આઠ-દશ નોટો રોડ ઉપર પડેલ હોય, તે નોટો લઇ શીલ્પાબહેન ગાડીમાં પરત જતાં, ગાડીમાં પર્સમાં મુકેલ સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૯૧/૧૭</u>**

**નિકોલ** : જયંતીભાઇ અંબાલાલ ઓડ (રહે, પ્રેરણા સોસાયટી, કઠવાડા રોડ, નિકોલ) એ તા.૨૩/૨/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૨/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાનું આઈવા ડમ્પર નંબર જીજે.૦૧.બી.વાય.૫૫૫૦ કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૨૦/૦૨/૧૭ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>અપમૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૩૯૨/૧૭</u>

**કારંજ** : બીપીનભાઇ પરષોતમભાઇ પરમાર (ઉ.વ.૫૫)(રહે,આર્યોદય જીનીંગ મીલની ચાલી, અસારવા) તા.૨૩/૨/૧૭ સાંજનાં ૭/૦૦ વાગ્યાનાં સુમારે લાલ દરવાજા કોંગ્રેસ ભવન, જીલ્લા પંચાયત પાસે બીપીનભાઇનાં પગ ઉપર દિવાલ પડતાં, બીપીનભાઇને ગંભીર ઇજા થતા, સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં લાવતાં, સારવાર દરમ્યાન બીપીનભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કેશાભાઇ ગાંડાભાઇ ચલાવે છે.

**બાપુનગર** : બ્રિજલાલ ઉર્ફે અનીલભાઈ રામસમુજ યાદવ (ઉ.વ.૨૮)(રહે,આઝાદનગર વર્કશોપ રોડ વિજય એસ્ટેટ પાછળ, ઓઢવ) તા.૨૨/૨/૧૭ સાંજનાં ૭/૩૦ વાગ્યાનાં સુમારે બાપુનગર પન્ના એસ્ટેટ રોડ ખાતે આવેલ કર્ણાવતી ટેકનો કાસ્ટ કારખાનામાં કાર્બન ડાયોક્સાઈડની બોટલ ફાટતા, બ્રીજલાલના મોઢાના તેમજ કપાળના ભાગે ગંભીર ઈજા થતાં, સારવાર માટે તેમને શારદાબેન હોસ્પીટલમાં લાવતાં ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિલીપસિંહ અભયસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)